# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-12-2025 Day: Sunday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-અખિલ ભારતીય મેયર્સ પરિષદ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, શહેરોનો સર્વગ્રાહી આર્થિક, સામાજિક વિકાસ અને ટકાઉ શહેરી વિકાસ એ પ્રધાનમંત્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાનો મજબૂત પાયો છે.

સુરતમાં યોજાઈ રહેલી અખિલ ભારતીય મેયર્સ પરિષદની 116મી રાષ્ટ્રીય કાર્યકારીણી બેઠકનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે કહ્યું કે, પ્રધાનમંત્રીએ શહેરીકરણના પડકારોને અવસરમાં પલટાવીને ગુજરાતમાં અર્બન ડેવલેપમેન્ટ મોડલની પહેલ 2005માં શહેરી વિકાસથી કરી હતી.

આ પ્રસંગે શહેરી વિકાસ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈએ તમામ મેયરોને પ્રોત્સાહન આપતા કહ્યું કે, ગુજરાતે 48 ટકા શહેરીકરણનો ધ્યેય સિધ્ધ કર્યો છે. વર્ષ 2047 સુધીમાં 75 ટકાનો લક્ષ્યાંક પરિપૂર્ણ કરવાની દિશામાં ગુજરાત ઝડપભેર આગળ વધી રહ્યું છે. આ મેયર્સ પરિષદમાં 16 શહેરોના મેયરો ઉપસ્થિત રહ્યાં હતાં.

-----------------------------------------------------------------------------------------

## સી.આર.પાટિલ-કચ્છ મુલાકાત:

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટિલે જળ સંચય પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, જળસંચય એ આજની તાતી જરૂરિયાત છે. મુંદરા તાલુકાની ભૂખી નદીને નવપલ્લવિત કરવાના કાર્યનું ખાતમુહૂર્ત કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

કચ્છનું ખમીર તથા ખમીરવંતી પ્રજાને બિરદાવતા જળશક્તિ મંત્રીશ્રીએ ગામનું પાણી ગામ અને સીમનું પાણી સીમમાં રહે એ સંકલ્પ સાથે પોતાના ઘરથી જ પાણી સંગ્રહની શરૂઆત કરવા તેમજ ગામમાં જળસંચયના સ્ટ્રકચરો ઊભા કરવા માટે સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો.

ઉપરાંત, પ્રધાનમંત્રીશ્રીએ જળસંચય માટે વિવિધ માર્ગ સૂચવ્યા છે, જેમાં જનભાગીદારી થી જળસંચયના કામો દેશભરમાં થઈ રહ્યા છે. કર્મભૂમિથી માતૃભૂમિ માટે સહયોગના પ્રધાનમંત્રીશ્રીના આહવાનને પગલે 35 લાખ સ્ટ્રક્ચર દેશભરમાં માત્ર અનુદાનથી નિર્માણ પામ્યા છે, જે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ઉલ્લેખનીય છે કે ભૂખી નદી પુનર્જીવિત પ્રોજેક્ટનો ખાતમુહૂર્ત સમારોહ ગાંધીધામના ટાગોર રોડ સ્થિત ડો. બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયો હતો.

---

## પીએમ સૂર્યઘર:

પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાનાં અમલીકરણમાં દેશમાં 25 ટકાના યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમસ્થાને છે. ઉર્જામંત્રી ઋષિકેશ પેટલે જણાવ્યું હતુ કે, ગુજરાતે અત્યાર સુધીમાં પીએમ સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ લક્ષ્યાંકના 49 ટકાથી વધુ કાર્ય પૂર્ણ કર્યું છે.

ગુજરાતે આ યોજના હેઠળ કુલ એક હજાર 886 મેગોવોટ સોલર ક્ષમતાની ચાર લાખ 96 હજાર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવી છે. જે રાજ્યના લક્ષ્યાંકના 49 ટકાથી વધુ છે. વર્ષ 2027 સુધીમાં આ યોજના હેઠળ દસ લાખ રહેણાંક રૂફટોપ સોલાર સ્થાપવાનું લક્ષ્યાંક છે.

---

## રાષ્ટ્રીય લોક અદાલત:

ગઈકાલે જીલ્લાના તમામ તાલુકા તથા ફેમિલી કોર્ટમાં રાષ્ટ્રીય લોકઅદાલતોનું આયોજન કરાયું હતું.

આ રાષ્ટ્રીય લોક અદાલતોમાં સમગ્ર જિલ્લામાં 4,034 પ્રિલિટિગેશન, સમાધાનલાયક 1,351 અને સ્પેશિયલ મેજિસ્ટ્રીયલ સિટિંગમાં 4,589 સહિત 12 હજાર કેસ મૂકવામાં આવ્યા હતા, જે પૈકી 9974 કેસનો નિકાલ કરાયો હતો અને આ કેસોમાં કુલ 47.71 કરોડની વસૂલાત કરવામાં આવી હતી. આ લોક અદાલતોને સફળ બનાવવા જિલ્લાના તમામ ન્યાયાધીશો દ્વારા લગ્ન વિષયક, ચેક બાઉન્સ, સિવિલ દાવાઓ, વાહન અકસ્માત વળતર તેમજ અન્ય સમાધાનલાયક કેસ માટે અગાઉથી જ સમાધાનની પ્રક્રિયા હાથ ધરી નિકાલની કામગીરી કરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયામૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ-અમદાવાદના મુખ્ય સંરક્ષકના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ દિલીપ મહિડાની રાહબરીમાં આ લોક અદાલતનું આયોજન કરાયુ હતું.

---

## ક્રિકેટ:

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રીજી ટી-20 મેચ આજે હિમાચલ પ્રદેશનાં ધર્મશાળા ખાતે રમાશે. કટક ખાતેની પ્રથમ મેચ ભારતે અને ચંદીગઢની બીજી મેચ દક્ષિણ આફ્રિકાએ જીતી લેતાં શ્રેણી સરભર રહી છે. તેથી આજની મેચને મહત્વની માનવામાં આવે છે.

---

## મતદાર યાદી નિરીક્ષકોની નિમણૂક:

ચૂંટણી પંચે આઠ મુખ્ય રાજ્યોમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારણા પર દેખરેખ રાખવા માટે ખાસ મતદાર યાદી નિરીક્ષકોની નિમણૂક કરી છે.

પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, કેરળ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં નિરીક્ષકો તૈનાત કરવામાં આવ્યા છે. આ નિરીક્ષકો ફેબ્રુઆરી 2026 માં અંતિમ મતદાર યાદીઓ પ્રકાશિત થાય ત્યાં સુધી આ રાજ્યોમાં હાજર રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## મેડીકલ કેમ્પ:

લાયન્સ ક્લબ ઓફ માધાપર, જી.કે. જનરલ હોસ્પિટલ ભુજ તેમજ કે.સી.આર.સી. અંધજન મંડળના સંયુક્ત ઉપક્રમે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં રક્તદાન શિબિર યોજાઈ હતી, જેમાં 58 લોકોએ રક્તદાન કર્યું હતું, 95 લોકોએ આંખની તપાસ કરાવી હતી, જેઓને રાહત દરે ચશ્મા અપાયાં હતાં અને 35 લોકોનું ડાયાબિટીસ ચેકઅપ કરાયુ હતું.

---------------------------------------------------------------------------------------------------